सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૧૦/૦૩/૨૦૨૬. | | |
| ફેસલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૬. | | |
| અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૭ |

# જામનગરનાં સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.

ફોજદારી પરચુરણ અરજી નં.૩૨૦/૨૦૨૬.

આંક-૬.

**પ્રકાશભાઈ બાબુભાઈ મકવાણા,**
ઉ.વ. ૩૭, ધંધો : મજુરી,
રહે.જમાયપરા સોસાયટી, શેઠવડાળા,
તા.જામનોધપુર, જી.જામનગર,
હાલ : જીલ્લા જેલ, જામનગર. :: અરજદાર.

**વિરૂદ્ધ**

**શ્રી સરકાર,**
થ્રુ : જીલ્લા સરકારી વકીલશ્રી,
જામનગર. :: સામાવાળા.

બાબત : બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ મુજબ વચગાળાના જામીન ઉપર મુકત કરવા અરજી.

અરજદાર તરફે વિ.વ. શ્રી એચ.એમ. ભટ્ટ.
સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી.

-:: **ચુકાદો** ::-

**૧.** અરજદારે બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ મુજબ વચગાળાનાં જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલી છે.

**૨.** અરજદારની અરજીની ટૂંકમા વિગત એવી છે કે, શેઠ વડાળા પોલીસ સ્ટેશન, જામનગર, ગુ.ર. નં.૧૧૨૦૨૦૧૩૨૪૦૧૪૦/૨૦૨૪, ઈ.પી. કોડ કલમ-૩૦૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૧) (સેશન્સ કેસ નં.૧૨૭/૨૦૨૪) મુજબનાં ગુન્હાનાં કામે તેઓ જયુડિશિયલ કસ્ટડીમા હોવાથી અરજીમા જણાવેલા કારણો ધ્યાને લઈ દિન–૧૫ નાં વચગાળાનાં જામીન ઉપર મુકત થવા હાલની અરજી દાખલ કરેલી છે.

**૩.** અરજદાર તરફેની મુખ્યત્વે રજુઆત મુજબ તેઓનાં ભાઇની કેન્સરની બિમારી સબબ સારવાર લેવાની જરૂરીયાત છે અને પરિવારમા અન્ય કોઈ સદસ્ય સાથે રહી શકે તેમ નહીં હોવાનાં કારણે તથા તેમા થનાર ખર્ચ માટે રકમની વ્યવસ્થા કરવા માટે દિન-૧૫ માટે વચગાળાનાં જામીન ઉપર મુકત થવા અરજ કરેલી છે.

**૪.** જામીન અરજી દાખલ થતાં સામાવાળાને કારણદર્શક નોટીસ કરતા વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી હાજર થયેલા છે, તેઓએ મુખ્યત્વે તપાસ કરનાર અધિકારીશ્રીનાં અહેવાલ સાથે અરજદારનાં ભાઇનાં નિવેદન, તેઓની સારવારનાં મેડિકલ પેપર્સ રજુ કરી રજુઆત કરેલી છે કે, અરજદારનાં ભાઈની બિમારીનાં સારવાર માટે અરજદારનાં માતા-પિતા, પત્નિ તથા ભાભી જેઓ તમામ સાથે જ રહે છે તેઓ હાજર રહી અરજદાર નાં ભાઈની સારવાર કરાવી શકે તેમ છે. તેથી, હાલની અરજી રદ કરવા અરજ કરવામા આવેલી છે.

**૫.** પક્ષકારોની દલીલો, અરજીની વિગત, પોલીસ પેપર્સ, મેડિકલ પેપર્સ તપાસ કરનાર અધિકારીશ્રીનાં અહેવાલ ધ્યાને લેતા અરજદારનાં ભાઈની સારવાર માટે અરજદારનાં માતા-પિતા, પત્નિ તથા ભાભી પૈકી કોઈપણ સભ્ય હાજર રહી અરજદારનાં ભાઈની સારવાર કરાવી શકે તેમ છે. તેવા

સંજોગોમા અરજદારની હાજરી વગર અરજદારનાં ભાઈની સારવાર શકય નહીં હોવાનું જણાઇ આવતુ નથી. એટલું જ નહીં પરંતુ, અરજદારે સારવાર મા થનાર ખર્ચ અંગે રકમની વ્યવસ્થા કરવાનું કારણ પણ દર્શાવેલ છે, પરંતુ આવા ખર્ચની કઇરીતે અને કયાંથી વ્યવસ્થા કરવાની છે અને તેવી વ્યવસ્થા અરજદારની હાજરી વગર શકય નથી તેવી પણ કોઇ હકીકત રજુ કરવામા આવેલી નથી.

**૬.** ઉપરોકત તમામ સંજોગોમા અરજદારનાં ભાઈની બિમારીની સારવાર જયારે અરજદારનાં માતા-પિતા, પત્નિ તથા ભાભી પૈકી કોઈપણ વ્યકિત હાજર રહી કરાવી શકે તેમ છે ત્યારે, અરજદારને વચગાળાનાં જામીન ઉપર મુકત કરવા ન્યાયોચીત જણાઈ આવતુ નથી. તેથી, ન્યાયનાં હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

-:: **હુકમ** ::-

**૧.** અરજદારની હાલની અરજી નામંજુર (રદ) કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૭મી માર્ચ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

જામનગર.
તા.૧૭/૩/૨૦૨૬.
વી.વી. જોટાણીયા.

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 17/03/2026 17:15:40 IST.

**(નેહલકુમાર રાજેશભાઇ જોષી)**
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર